**Sandesh**

EDII

July 19, 2026
Page No. 04
(City Life)

# ભારતને ઉદ્યોગસાહસિકો જેવી વિચારસરણી, ક્ષમતા અને પ્રેરણા ધરાવતા યુવાનોની જરૂર છે

## દેશભરના ૧૦૧ ઉભરતા ઉદ્યોગસાહસિકો EDIIના શૈક્ષણિક કાર્યક્રમોના ૨૦૨૬ બેચમાં જોડાયા

**સિટી લાઈફ ।** એન્ટરપ્રેન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ), અમદાવાદે પોતાના મુખ્ય શૈક્ષણિક કાર્યક્રમોમાં વર્ષ ૨૦૨૬ના બેચનું સ્વાગત કર્યું. આ બેચમાં દેશના ૧૮ રાજ્યોથી આવેલા ૧૦૧ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે. તેમણે સંસ્થાના મુખ્ય કાર્યક્રમો પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મેનેજમેન્ટ , એન્ટરપ્રેન્યોરશિપ (પીજીડીએમ-ઈ), પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મેનેજમેન્ટ - ઈનોવેશન, એન્ટરપ્રેન્યોરશિપ એન્ડ વેન્ચર ડેવલપમેન્ટ (પીજીડીએમ-આઈઈવી); પોસ્ટ ગ્રેજ્યુએટ




ડિપ્લોમા ઈન મેનેજમેન્ટ - ઓનલાઈન (પીજીડીએમ-ઓનલાઈન) તેમજ ફેલો પ્રોગ્રામ ઈન મેનેજમેન્ટ (એફપીએમ)માં પ્રવેશ લીધો છે. સમારોહમાં ભારતના ભૂતપૂર્વ કેન્દ્રીય સતર્કતા આયુક્ત સુરેશ પટેલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઈડીઆઈઆઈના ડિરેક્ટર જનરલ ડૉ. સુનીલ શુક્લા તેમજ ઈડીઆઈઆઈના ડિપાર્ટમેન્ટ ઑફ એન્ટરપ્રેન્યોરશિપ એજ્યુકેશનના પ્રોફેસર અને ડિરેક્ટર ડૉ. સત્યા રંજન આચાર્ય પણ હાજર રહ્યા હતા. નવા બેચને અભિનંદન પાઠવતાં સુરેશ પટેલે કહ્યું કે, તમે પરંપરાગત માર્ગને અનુસરવાના બદલે કંઈક અલગ કરવાનો નિર્ણય લીધો છે. મને સંપૂર્ણ વિશ્વાસ છે કે આ તમારા જીવનનો સૌથી વધુ સંતોષદાયક અને ફળદાયી નિર્ણય સાબિત થશે. ભારતને ઉદ્યોગસાહસિકો જેવી વિચારસરણી, ક્ષમતા અને પ્રેરણા ધરાવતા યુવાનોની જરૂર છે.